# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ
ફોન: ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્સ:૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૦ № = 87 તારીખ: 27 AUG 2020

રજી. એ. ડી. દ્વારા
પ્રતિશ્રી,
અશોક અહુજા,
ડીબીઝેડ સાઉથ ૧૫૪,
તા- ગાંધીધામ-૩૭૦૨૦૧-કચ્છ,
મોબાઇલ નંબર:- ૯૪૨૭૪ ૫૮૫૦૧

વિષય :- કેસ નંબર પીજી ૦૪/૦૦૪/૨૦૧૯-૨૦
સંદર્ભ :- આપની અરજી નોંધણી નં. પીજી ૦૪/૦૦૪/૨૦૧૯-૨૦

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. હાલના સમયમાં કોરોના મહામારીનો સમય ચાલે છે તેથી આપનો આ ચુકાદો આપવામાં ઢીલ થયેલ છે. જે આપની જાણ સારૂં.

(એસ એન વર્હોનીયા)
કન્વીનર
ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ
(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર
(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ
(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, ગાંધીધામ

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોનઃ- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સઃ- ૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-04-004-2019-20.

| | | |
|---|---|---|
| અરજદાર | : | શ્રી અશોકભાઈ આહુજા<br>ગામ-ગાંધીધામ, તા.-ગાંધીધામ , જિ.-કચ્છ. |
| રજૂઆત કરનાર | : | અરજદારશ્રી પોતે હાજર રહેલ છે. |

## :: વિરુધ્ધ ::

| | | |
|---|---|---|
| સામાવાળા | : | કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ |
| રજૂઆત કરનાર | : | ૧) શ્રી એચ.આર. ખાડોદરા, કાર્યપાલક ઈજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ગાંધીધામ |

## :: ફોરમ ::

૧) શ્રી સી.વી. ઠાકર, ચેરપર્સન

૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

૩) શ્રી કે.વી. ભટ્ટ, મેમ્બર ટેક

| | | |
|---|---|---|
| સુનાવણી સ્થળ | : | કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ. |
| તારીખ | : | ૧૪/૦૨/૨૦૨૦ |

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદાર શ્રી અશોકભાઈ આહુજા, ગામ-ગાંધીધામ, તા.-ગાંધીધામ, ઘરવપરાશ માટેનું વીજજોડાણ ધરાવે છે. જે ગાંધીધામ પેટાવિભાગીય કચેરી, ગાંધીધામ વિભાગીય કચેરી હેઠળ આવેલ છે.

૧.૧ સદર કેસની રજૂઆત નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી પોતાનું મકાન સી-૩૨, સપના નગર ખાતે ગ્રાહક નં.-૩૮૧૦૫/૦૫૬૩૩/૦થી ધરાવે છે. જે ગાંધીધામ પેટાવિભાગીય કચેરી, ગાંધીધામ વિભાગીય કચેરી હેઠળ મેળવેલ છે. જેમા તેઓશ્રીને બીલ વધારે આપતા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૩ અરજદારશ્રીએ કરેલ રજુઆત મુજબ તેઓશ્રી પોતાનું મકાન ૦૪-૧૨-૨૦૧૯ સુધી ભાડે હતું. ડીસેમ્બર-૧૯નું બીલ રૂ. ૩૫૬૫.૦૦/-નું આવેલ જેમાં રૂ ૭૬૪.૮૩ અગાઉના બીલના બાકી દર્શાવેલ છે. જે બીલ અરજદારશ્રીનું મકાન બંધનું આવલે હતું.

૧.૪ અરજદારશ્રીની રજુઆત છે કે પીજીવીસીએલ કચેરીને તેઓશ્રીને રીડીંગ મુજબનું બીલ આપવા વિનંતી કરેલ, જેથી તે બાકી બીલની રકમ તેઓશ્રીના ભાડુઆત પાસેથી લઇ શકે. અરજદારશ્રીની રજુઆત પ્રમાણે ગાંધીધામ પેટા વિભાગીય કચેરી દ્વારા રૂ.૧૮૯૩૫.૭૦/-નું બીલ બાકી રકમ આપવામાં આવેલ. સદર બીલની રકમ બાબતે અરજદારે ભાડુઆતને જણાવતા તે સમય વખતે તેઓશ્રીના ભાડુઆત બહારગામ ગયેલ હતા.

૧.૫ અરજદારશ્રીએ મીટર ચેક કરવા માટે વિનંતી કરતાં પીજીવીસીએલ કચેરીએ મીટર ચેક કરેલ પરંતુ મીટરના રીડીંગ અને MRI રીપોર્ટમાં તફાવત આવેલ જે દર્શાવે છે કે મીટર રીડર સાથે મળીને ભાડુઆત દ્વારા રીડીંગ એડજેસ્ટમેન્ટ કરવામાં આવતું હતું. જે બાબતે અરજદારશ્રી મીટર રીડર સામે જરૂરી પગલા લેવા વિનંતી કરેલ છે.

૧.૬ અરજદારશ્રીએ પીજીવીસીએલ કચેરીને તા-૨૦.૦૯.૨૦૧૯ના રોજ ચેક નં.૨૪૩૩૯થી રકમ રૂ.૯૭૫૦.૦૦/- નું ભરણું કરવામાં આવેલ છે, જે તેઓના ભાડુઆત દ્વારા ભરવામાં આવેલ પરંતુ આ ચેક બાઉન્સ થયેલ છે.

૧.૭ અરજદારશ્રીના વપરાશ મુજબ પીજીવીસીએલ કચેરીના કર્મચારીઓએ જેતે સમયે મીટર રીડીંગ લઈને તેમના વપરાશ મુજબનું બીલ આપેલ નહીં. અને તેઓશ્રી દ્વારા તપાસ કરતા માલુમ પડેલ કે કચેરી દ્વારા જે તે સમયે મીટર રીડીંગ માટે કોન્ટ્રાક્ટ આપેલ હતો.

૧.૮ અરજદારશ્રી જે તે સમયના મીટર રીડીંગ મુજબ પીજીવીસીએલ કચેરીને યોગ્ય કાર્યવાહી કરવા જણાવે છે.

૧.૯ અરજદારશ્રી તેઓને આપેલ વધારે બીલની યોગ્ય તપાસ કરી ન્યાય મેળવવા માટે ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી અશોકભાઈ આહુજા, ગામ-ગાંધીધામ, તા.-ગાંધીધામ, ઘરવપરાશ માટેનું વીજજોડાણ ધરાવે છે. જે ગાંધીધામ પેટાવિભાગીય કચેરી, ગાંધીધામ વિભાગીય કચેરી હેઠળ ધરાવે છે.

૨.૧ અરજદારશ્રી પોતાનું મકાન સી-૩૨, સપના નગર, ખાતે ગ્રાહક નં.-૩૮૧૦૫/૦૫૬૩૩/૦થી ધરાવે છે, જે તેઓશ્રી દ્વારા ભાડુઆતને ભાડે આપેલ હતું.

૨.૨ અરજદારશ્રીને ગાંધીધામ પેટાવિભાગીય કચેરીનું માસ ઓક્ટોબર-નવે-૧૯માં ૨૨૧૬ યુનિટનું (રકમ) રૂ.૧૮૧૭૦/-નું બીલ આપવામાં આવેલ છે, જેના કારણે આ ફરિયાદ ઉદ્ ભવેલ છે.

૨.૩ અરજદારશ્રીને માસ ફેબ્રુ-માર્ચ-૧૯ તથા માસ એપ્રિલ-મે-૧૯ દરમ્યાન મીટર રીડર દ્વારા બીલ આપવા ગયેલ હતા પરંતુ સદર સ્થળ લોક હોવાથી મીટર રીડર દ્વારા લોકનું વીજબીલ ઇસ્યુ કરવામાં આવેલ.

૨.૪ અરજદારશ્રીને ગાંધીધામ પેટાવિભાગીય કચેરીએ માસ ઓક્ટોબર-નવે-૧૯માં ૨૨૧૬ યુનિટનું રકમ રૂ.૧૮૧૭૦/-નું બીલ આપવામાં આવેલ છે, જે તેમના મીટરમાં નોધાયેલ વપરાશ પ્રમાણે છે.

૨.૫ અરજદારશ્રીને આપવામાં આવેલ સદર બીલ ની રકમ તેઓ દ્વારા તા.૨૦/૦૯/૨૦૧૯ ના રોજ ચેકથી રૂ.૯૭૫૦/- ભરપાઈ કરવામાં આવેલ, જે ગ્રાહકના બેંક ખાતામાં પૂરતા નાણાં ન હોવાથી ચેક રીટર્ન થયેલ છે.

૨.૬ અરજદારશ્રીને ગાંધીધામ પેટાવિભાગીય કચેરી દ્વારા માસ ઓક્ટોબર-નવે-૧૯માં ૨૨૧૬ યુનિટનું (રકમ) રૂ.૧૮૧૭૦/-નું બીલ આપવામાં આવેલ છે, જે તેઓશ્રીના ઉપરોક્ત તા.૨૦/૦૯/૨૦૧૯ ના રોજ ચેક બાઉન્સના થવાથી જે બીલ આપવામાં આવેલ તેનો પણ તેમાં સમાવેશ થયેલ છે.

૨.૭ અરજદારશ્રીની ફરિયાદ અનુસંધાને અત્રેની કચેરીમાં મીટર રીડીંગ આઉટસોર્સિંગ એજન્સી દ્વારા થતું હતું. જે ફરિયાદ બાબતે આઉટસોર્સિંગ એજન્સી મે.યોગી એન્ટરપ્રાઇઝ નો ખુલાસો માંગવામાં આવેલ છે, તેમજ વર્ક ઓર્ડરની શરત પ્રમાણે ૫% પેનલ્ટીના વસુલ કરવામાં આવેલ છે.

૨.૮ અરજદારશ્રીની આપેલ રકમ રૂ. ૧૮૧૭૦/- વીજબીલ તેઓશ્રીના વપરાશ પ્રમાણે આપેલ છે. જે તેઓશ્રીના વીજમીટરમાં નોધાયેલ યુનીટ એ જોડાયેલ વીજભાર સાથે સુસંગત છે.

૨.૯ અરજદારશ્રીને ગાંધીધામ પેટાવિભાગીય કચેરી તરફથી આપેલ વીજબીલ તેઓશ્રીના વીજ વપરાશ મુજબ હોઈ ભરવાપાત્ર થાય છે.

## :: હુકમ ::

3.0 સુનાવણી સમયે રજૂઆત કરનારની તેમજ સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાના આધારે નીચે મુજબના તારણ પર આવી શકાય.

3.૧ અરજદારશ્રીનું ગ્રાહક નં.- ૩૮૧૦૫/૦૫૬૩૩/૦થી ઘરવપરાશનું ગાંધીધામ પેટાવિભાગીય કચેરી ખાતે વીજજોડાણ ધરાવે છે.

3.૨ અરજદારશ્રી ને માસ ફેબ્રુ-માર્ચ-૧૯ તથા માસ એપ્રિલ-મે-૧૯ દરમ્યાન સદર સ્થળ લોક હોવાથી મીટર રીડર દ્વારા લોક નું વીજ બીલ ઇસ્યુ કરવામાં આવેલ.

3.3 અરજદારશ્રીની ના જણાવ્યા મુજબ તેઓશ્રી રજુઆત કરેલ જેથી પીજીવીસીએલ કચેરીએ રીડીંગ મુજબનું બીલ આપેલ. જે તેઓશ્રીએ વિનંતી કરેલ જેથી તે રકમ ભાડુઆત પાસેથી લઇ શકાય. જે અન્વયે અરજદારને ગાંધીધામ પેટા વિભાગીય કચેરી દ્વારા રૂ.૧૮૯૩૫.૭૦/-ની રકમનું વીજબીલ આપવામાં આવેલ.

3.૪ અરજદારશ્રીને આપવામાં આવેલ સદર બીલ તેઓના ભાડુઆત દ્વારા તા.૨૦.૦૯.૨૦૧૯ ના રોજ ચેક નં. ૨૪૩૩૭ રકમ રૂ.૯૭૫૦/- ભરપાઈ કરવામાં આવેલ. જે તેઓશ્રીના બેંક ખાતામાં પૂરતા નાણાં ન હોવાથી રીટર્ન થયેલ છે.

3.૫ અરજદારશ્રીને વીજબીલ વધારે આવતા તેઓશ્રી એ અત્રેની કચેરીએ ફરિયાદ કરેલ, જેથી આ વીજજોડાણનું ગાંધીધામ વિભાગીય કચેરી લેબોરેટરીમાં ચકાસણી કરતા મીટર ટેસ્ટીંગ બરાબર આવેલ છે.

3.૬ આમ, અરજદારશ્રીને આપવામાં આવેલ માસ ઓક્ટોબર-નવેમ્બર-૨૦૧૯નું વીજબીલ રકમ રૂ.૧૮૧૭૦.00/- છે, જે લેબોરેટરી ચકાસણી અને MRI રીપોર્ટના આધારે વિજ વપરાશ મુજબનું છે. જે બરાબર છે અને આ વીજબીલ અરજદારશ્રીને ભરવાપાત્ર છે.

3.૭ આમ, અરજદારશ્રીને પીજીવીસીએલ ગાંધીધામ પેટાવિભાગીય દ્વારા આપવામાં આવેલ વીજબીલ કંપનીના નિયમાનુસાર ભરવાપાત્ર છે.

3.૭ આમ, અરજદારશ્રી ની અરજી ફેંસલ કરવામાં આવે છે તથા અરજદારની ફરિયાદનો નિકાલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કે.વી. ભટ્ટ | એન. એચ. જોષી | સી.વી.ઠાકર |
| મેમ્બર ટેક | સ્વતંત્ર મેમ્બર | ચેરપર્સન |

નોંધ:

(૧) અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન 30 માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિસામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમનાસંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. 3, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

PG-04-004-2019-20